# રીઅર વ્યુ મીરર

--ચન્દ્રકાંત શાહ

રીઅર વ્યુ મીરર, આ આંખ અને ડામરના રસ્તાનો ટ્રાયેન્ગલ
રીઅર વ્યુ મીરરમાં જોવાનું આટલું ગણીત
અને એ જ એનો એન્ગલ..

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું
જોવાનું એટલું કે--
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

આપણે હતાં
ને હતું ટુ-કાર ગરાજ હોમ
પા એકર લૉન
પેઈવ્ડ ડ્રાઈવ-વે
ડ્રાઈવ-વે પર રોજ રોજ જીવેલા એક એક દીવસને
ટૉસ કરી,
ટ્રેશ  કરી ફેંકવાને ખુણામાં રાખેલો ગાર્બેજ-કેન!
હતું--
થોડી દેશની ટપાલ, થોડી 'થેંક્યુ'ની નોટ્સ,
થોડી જન્ક મેઈલ, ઘણા બધાં બીલ્સ
અને પબ્લીશર્સ ક્લીયરીંગ હાઉસમાંથી
મીલીયોનેર બનવાનાં રીમાઈન્ડર્સ આવતાં
એ સ્હેજ કાટ ખાધેલાં પતરાંનું મેઈલ-બૉક્સ!
બોક્સ ઉપર શેલત કે શાસ્ત્રી કે શુક્લા, શ્રીમાળીની શાખ,
સ્ટીકર્સથી ચોંટાડેલ
ઘર નંબર ચોર્યાસી લાખ...

એક સાઈકલ હતી ને હતો બાસ્કેટ-હુપ!
પાનખર હતી પાંદડાંય હોવાનાં
તથા વીતેલી જીંદગી પડી હો એમ વીંટલું વળી પડેલ
તુટેલો હોઝ-પાઈપ જોવાનો
મેઈન ડોર પર કોઈ સીક્યુરીટીનું એક લેબલ પણ હોવાનું
શુભલાભ કંકુના થાપા કે ભલે પધાર્યાને ઠેકાણે
'રીથ' જેવું લટકણીયું જોવાનું.

જોવાનું એટલું કે
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

આપણે હતાં
ને હતા ટેલીફોન-કૉલ્સ
લોન્ગ ડીસ્ટન્સના ટુંકા અને લોકલના લાંબા
અડધી રાતે તે બધા ઈન્ડીયાના
અને કોઈક --ફ્રી ટીવી ઓફર કરનાર ટાઈમ-શેરીંગના--

ટીવી પર રોજ હતું ‘વ્હીલ ઑફ ફોર્ચ્યુન’
પછી ફરતી’તી લાઈફ રોજ
ડ્રાયરમાં, વૉશરમાં અને ડીશ-વૉશરમાં
ફ્રીજ થકી જેમ હતું ફ્રોઝન ખાવાનું
એમ  રીઅર વ્યુ મીરરમાં દેખાતું બધ્ધું
એક દીવસ આંખોમાં જડબેસલાક ફ્રીઝ થાવાનું..

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું
જોવાનું એટલે કે--
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

મેઈન મેઈન જોવાનાં
ઈન્શ્યોરન્સ કંપનીનાં હોર્ડીંગ્ઝ
મૉરગેજ આપનાર બૅંકનું મકાન
ઈમ્પોર્ટેડ ગાડીના ડીલરની ઝગમગતી સાઈન
અને
વર્ષોથી ઈક્વીટી સ્ટૉક જેના લઈને રાખ્યા છે
એ બ્લ્યુ ચીપનું સ્કાયસ્કેપ બીલ્ડીંગ

ટોટલ એક્વીટી, નેટ વર્થ અને વંકાતા રસ્તાનો ટ્રાયેન્ગલ
આપણું હતું, એ બધું ખોવાનું આટલું ગણીત
અને એ જ એનો એંગલ--

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું
જોવાનું એટલે કે--
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

આપણે હતાં
ને હતું ટુ-કાર ગરાજ હોમ
ડીઝાઈનર કીચન
કીચનમાં ઈન્ડીયાથી લાવેલી
સોળ આની શુદ્ધ, એક જાણીતી, માનીતી,
કોરી ને કટ્ટ, સાવ પેટીપેક, બ્રાન્ડ ન્યુ પત્ની!

આપણોય પોતાનો મારીયો હતો
ને હતા મારીયો બ્રધર્સ
કોઈક કોઈક મારીયોને સીસ્ટર હતી
તો હતી ક્યાંક ક્યાંક મારીયો સીસ્ટર્સ
એક એક મારીયોના પોતાનાં આઈ-પૉડ
સીસ્ટર્સને દેશી વેડીંગ સ્ટાઈલ પરણવાના કોડ,

ઈન્ડીયાની નોસ્ટાલ્જીક વાતોથી ઘડી ઘડી ઉખડી જતાં છતાંય
આપણે તો યુનાઈટેડ સ્ટેઈટ્સને જ ચોંટેલા એમ,
જેમ ફ્રીજ ઉપર ચોંટેલાં મેગ્નેટ્સ!

મેગ્નેટ્સમાં--
'હેરી પૉટર'થી માંડીને હતાં
તાજમહાલ
એલ્વીસ
બડવાઈઝર
'મુન્નાભાઈ'
'હમ આપકે હૈં કૌન?'
નમો અરીહંતાણં
માયસ્પેસ ડોટ કૉમ
શીકાગો બુલ્સ
તથા
માઈકલ જોર્ડન
અને તીહુઆના ખાતે પડાવેલો
પરસેવે રેબઝેબ, મેક્સીકન ટોપામાં આપણો જ ફોટો

ફ્રીઝ ઉપર ચોંટેલાં મેગ્નેટ્સ હતાં
ને હતી
મેગ્નેટ્સમાં ચોંટેલી ફેમીલી લાઈફ--

ગ્રોસરીનું લીસ્ટ
થોડી પીઝાની કુપન

નેટફ્લીક્સનું ડીવીડી મેઈલર
દેશી રીયલ્ટરનો ફોટો ચોંટાડેલ
કોલ્ડવેલ બેંકરનું નાનું કેલેન્ડર

એક ડેન્ટીસ્ટનું એપોઈન્ટમેન્ટ-કાર્ડ
એક મ્યુઝીકલ પાર્ટીનું
અને એક ક્રેયોનથી દોરેલું, ‘હેપી મધર્સ ડે’ લખેલું
ઑફીસના એક્સટેન્શન
મમ્મીનો કાર-ફોન
એક કોઈક અંકલનો ફોન
એક આન્ટીનો ફોન
તથા
એલાસ્કન ક્રુઝ માટે ટોલ-ફ્રી, ‘વન-એઈટ-હન્ડ્રેડ-- કાર્નીવલ -’
મારીયોનું સોકર-સ્કેજ્યુઅલ
એની સીસ્ટરની ‘લક્રોસ’ની ગેઈમ
મૅક્ડૉનાલ્ડ ‘હેપી-મીલ’ નાઈન્ટીનાઈન સેન્ટ
એક લોકલ છાપાનું કટીંગ
તથા
ટીચરની સહીવાળું સર્ટીફીકેટ ઑફ મેરીટ ઈન મેથેમેટીક્સ

આ બધું હતું
ને હતો
‘કે-માર્ટ’ની ડીસ્કાઉન્ટ ઑફરમાં પડાવેલો
૨૧ કૉપીમાંથી દસ બધે ઈન્ડીયામાં મોકલી દીધેલી
ને બાકીની દસ
ક્યાંક ઘર પછી ઘર પછી ઘર મુવ કરવામાં મીસ્પ્લેસ થયેલી
તે છેલ્લો બચેલ એક
યન્ગ હતાં ત્યારનો જ ફેમીલી ફોટો!

આપણે હતાં
ને હતું
પીક્ચર પરફેક્ટ એક ફેમીલી.

બુદ્ધ  નામ ગૌતમ, એક ઘર અને પથરાતા રસ્તાનો ટ્રાયેન્ગલ
ભીનીષ્ક્રમણને આદરવાનું આટલું ગણીત
અને એ જ એનો એન્ગલ

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું..
જોવાનું એટલે કે--
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

આપણે હતાં
ને હતું ટુ-કાર ગરાજ હોમ
ઢગલાબંધ રુમ્સ

એક શ્વાસ લેવાનો રુમ
એક ઉચ્છ્વાસ કાઢવાનો રુમ
એક્સવાયઝેડ રુમ
'વ્હાઈટ, બ્લ્યુ ને રેડ' રુમ, બેડરુમ
બેડરુમમાં બાથરુમ એટેચ્ડ
એક સોફા હતો-
ને હતાં સોફામાં આપણે અટેચ્ડ
પછી આપણને કંઈ કેટકેટલું અટેચ્ડ!

યુએસએ આવ્યાં તે વેળાનું
ઈમ્પોર્ટેડ એકાંત
હાઈ-ટેક અગવડતા
ઑડ જૉબ માટે પણ માઈલો ચાલવું
ને ખુણામાં બેસીને આંસુનું સારવું
પછી
પહેલો પે-ચેક
અને પહેલું સીક્સ-પેક
સાલ્વેશન આર્મીનું બ્લેઝર
ને પહેલવહેલી ગાડીનું પ્લેઝર..

એ પછી તો-
ટાયરની જેમ કરી
કાર ચેઈન્જ
હાઉસ ચેઈન્જ
ઑઈલ ચેઈન્જ
જૉબ ચેઈન્જ
ફોન ચેઈન્જ
ફ્રેન્ડ્ઝ ચેઈન્જ
એટીટ્યુડ
આઉટલુક

ઓપીનીયન
એક્સેન્ટ
બધ્ધે બધ્ધું જ..

એક ઈન્ડીયાનું વેકેશન, વીડીયોની મેમ્બરશીપ,
વાઈફ અને 'વજ્ઞ'ના પાંતરાંનાં ડબ્બા સીવાય
લગભગ બધ્ધે બધ્ધું જ ચેઈન્જ કરી કરી
આપણને ખુબ ખુબ ડ્રાઈવ કરી
આપણા ઉપર આપણે ચડાવ્યા'તા
હન્ડ્રેડ્ઝ ઑફ થાઉઝન્ડ્ઝ ઑફ માઈલ્સ..

શું છે આ વીકએન્ડ ટુ વીકએન્ડનું જીવવાનું?
શું છે આ રોજ રોજ મરવાનું?
શું છે આ 'લાઈફ' જેવો અંગ્રેજી શબ્દ?--

રીઅર વ્યુ મીરરમાં દેખાતા
કોઈ ગ્લાસ બીલ્ડીંગમાં
આપણને દેખાતો
આપણાથી દુર જતો
આપણો જ રીઅર વ્યુ મીરર?

રીઅર વ્યુ મીરરમાં દેખાતી દુનીયાથી દુર દુર ખસવાનું
ઘડી ઘડી સ્હેજ સ્હેજ જોવાનું
જોવાનું એટલે કે--
આપણું હતું જે બધું, એ હવેથી આપણું ન હોવાનું..

શ્વાસોમાં, સ્પર્શમાં, સુગંધોમાં, સ્વાદોમાં,
આંખો, અવાજોમાં. દશ્યોમાં, રંગોમાં,
ઘાસમાં, પ્રકાશમાં, પતંગીયાંની પાંખોમાં,
ધોધમાર તડકાઓ, ઝીણા વરસાદમાં,
પરોઢીયાનાં ધુમ્મસમાં, વ્હેલી સવારના કલ્લોલમાં
વાણીમાં અને લહેરપાણીમાં
ઓચીંતુ - સીનીયર સીટીઝન ડીસ્કાઉન્ટ?

થર્ડ લાઈટ પર લેફ્ટ મારો,
ફ્રીર-વે, ફ્રોર્ક, રાઉન્ડ- અબાઉટ, ડેડ એન્ડ!
પાસ ગેસ સ્ટેશન ઓન રાઈટ
છેલ્લો માઈલસ્ટોન


એક વ્હાઈટ ચર્ચ પાસે છે સ્ટોપ સાઈન !
ગયાં  વર્ષો - ડીરેક્શન આપવામાં
વર્ષો - ડીરેક્શન લેવામાં

લેવાના-
અંત જેના જોઈ ના શકાય તેવા હાઈ-વે
અંધારું ઓઢીને ઉભેલા ફ્રી-વે
જોવાના-
જીંદગીમાં લેવાની રહી ગયેલ એક્ઝીટનાં પાટીયાંનાં પતરાં
પણ-
લેવાની અંતે તો -
દુરથી જ દેખાતા
આપવાને આવકારો  મીઠો
અસ્પતાલ જનારાના સ્વાગતમા ઉભેલા
અંગ્રેજી 'એચ'વાળા બ્લ્યુ રંગના બોર્ડ ઉપર
દોરેલા ઍરોની દીશામાં વંકાતા રસ્તાની એક્ઝીટ

કોનું છે વાયરીંગ ?
કોણે બનાવી છે  આ સ્વીચ?
સાવ  'ઑ ન' માણસ કેમ એકાએક થઈ જાતા 'ઑ ફ'?

ખંભા પર માણસ, સ્મશાન અને ઓગળતા રસ્તાનો ટ્રાયેન્ગલ
એ પછી આપણે  'ન' હોવાનું આટલું ગણીત
અને એ જ એનો એન્ગલ

રીઅર વ્યુ મીરર,  ખુલ્લું  આકાશ અને ડામરના રસ્તાનો ટ્રાયેન્ગલ..



## પરીચય

આ માણસે બીજું કાંઈ ભજવ્યું ન હોત તોય **‘નર્મદ’**ના એકપાત્રી નાટકમાં એના જીવંત અભીનયથી  તે વીશ્વભરમાં પ્રખ્યાત થઈ રહ્યો  હોત. જો કે ચંદુના દોસ્તોમાં હજી એ બાબતમાં સંમતી સધાઈ નથી કે, ન્યુ યૉર્કના પ્રખ્યાત **‘લીંકન સેન્ટર ફોર પર્ફોર્મીંગ આર્ટસ્’**ના ઉપક્રમે ભજવાયેલા ચંદુ લીખીત **‘મહાત્મા ગાંધી ડૉટ કૉમ’** નાટકમાંનો તેનો  **‘ગાંધીજી’**ના પાત્રનો અભીનય ઉત્તમ કે **‘નર્મદ’**નો..તેમ છતાં **‘માસ્ટર ફુલમણી’**નો એ જાદુગર અને **‘ખેલૈયા’**નો કામણગારો, નાટકો માટે હમેશાં યાદ રહેશે. નાટકની જાહેરાતમાં ડાયરેક્ટર કે રાઈટર કે ઍક્ટર તરીકે **ચંદુ શાહ**નું નામ જુઓ તો **ઘુસી** જ જજો એ થીયેટરમાં—પૈસા વસુલ, સાહેબ !

એટલું ઓછું હોય તેમ, એ મોટા ગજાનો કવી પણ છે. પોતાનાં ગીતો જાહેરમાં કેવી રીતે વાંચવા તે કોઈ આની પાસેથી  શીખે. પોતાના કાવ્ય-વાચન વખતે; ગારુડી જેમ નાગને પકડે તેમ એ એના શ્રોતાઓને જકડી રાખે છે. **‘અને થોડાં સપનાં’** (ગુજરાતી સાહીત્ય પરીષદ પારીતોષીક વીજેતા) અને **‘બ્લુ જીન્સ’**(ઈંગ્લીશમાં રુપાન્તરીત)નામનાં એમનાં બે કાવ્ય-સંગ્રહો પ્રગટ થયા છે. ચંદુ શાહની આજની શૈલી તે આવતી કાલનું ગુજરાતી સાહીત્ય છે, જે ખુબ ઉજ્જવળ છે.

અમેરીકન જીવન જીવતા કે જાણતા વાચકને કવીના **‘રીઅર વ્યુ મીરર’**માં પોતાની જાત દેખાશે અને વીસ્મય પામશે કે આને **‘રીઅર વ્યુ મીરર’** કહેવો કે **‘રીઅલ વ્યુ મીરર’**!

જાણે એક બાજુ **‘નર્મદ’**, વચ્ચે **‘વતન’** અને બીજી બાજુ **‘ગાંધી’**!

--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

Chandrakant Shah, 15 Beaver Road, Reading-MA-01867-USA
કવી-સંપર્ક **:** C420@comcast.net

નર્મદ વીશેની અને કવી વીશેની સઘળી માહીતી કવીની વેબસાઈટ જરુર જુઓ:: www.narmad.com

‘ઉંઝાજોડણી’ અને ‘વીજયા’ ફોન્ટમાં **અક્ષરાંકન :** ઉત્તમ ગજ્જર **: uttamgajjar@hotmail.com**

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક **'સન્ડે ઈ- મહેફીલ '** માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન 'તારા ગેસ પર..'

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

web site www.ameamericanamdavadi.com




તેં તારા ગૅસ પર કંઈ મુક્યું છે? મને કશુંક દાઝ્યાની સ્મેલ અહીં સુધી આવતી હોય એવું લાગે છે.

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૭૧ -- ઓક્ટોબર ૧૫ ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ **'વીદેશ-સર્જનોત્સવ'** ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટમાં **અક્ષરાંકન :** ઉત્તમ ગજ્જર : **uttamgajjar@hotmail.com**


**Sampa'dak : Harnish Jani,** 4, Pleasant Drive, **Yardville, NJ 08620-US**
email : harnish5@yahoo.com